**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૫ ટકા

## આજે ગાંધીનગરમાં

**ધાર્મિક**

● ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે-૨૨ દેરાસર ખાતે સવારે ૮.૪૫ કલાકે બારસા સૂત્ર વાંચન અને નિદર્શન, દહેરાસરમાં પ્રભુદર્શન ચૈત્યવંદન તથા બપોરે ૨.૩૦ કલાકે સંવત્સરી પ્રતિક્રમણ અને સામૂહિક ક્ષમાપના યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સે-૧૬ સ્થિત સોમનાથ મંદિર ખાતે રાત્રે ૮ કલાકે આરતી અને ૮.૩૦ કલાકે સીંગીગ અને ડાન્સિંગ કાર્યક્રમ યોજાશે. સવારે સે-૧૩ સ્થિત કમલેશભાઈ ઉપાધ્યાયના નિવાસસ્થાન ૬૧૮/૧ ખાતેથી શ્રીજીની શોભાયાત્રા સે-૧૬ સુધી જશે.

● સાર્વજનિક ગણેશોત્સવ સે-૨૨ રંગમંચ ખાતે યોજાશે. જેમાં સવારે ૯ વાગ્યે અને રાત્રે ૮ વાગ્યે આરતી, ત્યારબાદ કડી સર્વ વિદ્યાલય તેમજ ઓમલેન્ડમાર્ક સ્કૂલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● યુવક મિત્ર મંડળ સે-૩-ડી દ્વારા ગણેશોત્સવની આરતી સવારે ૮ વાગ્યે અને સાંજે ૮ વાગ્યે યોજાશે તથા જાદુનો જલસો કાર્યક્રમ યોજાશે. સવારે ૭.૩૦ કલાકે રામેશ્વર મહાદેવ સે-૩-ડીથી શોભાયાત્રા નીકળશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સે-૨-સી દ્વારા ગણેશોત્સવ નિમિત્તે સવારે ૮ વાગ્યે અને રાત્રે ૮.૩૦ વાગ્યે આરતી યોજાશે તથા દેશભક્તિનો કાર્યક્રમ યોજાશે. સવારે ૯ કલાકે બાબુભાઈ પટેલના નિવાસસ્થાન સે-૨-એથી શોભાયાત્રા નીકળશે.

● જય ગોગા યુવક મંડળ સે-૫-બી દ્વારા સે-૫ ખાતે મહારાજા ગણેશોત્સવ યોજાશે. આરતી રાત્રે ૮ વાગ્યે અને રાત્રે ૮ વાગ્યે નાટક યોજાશે. સવારે ૯ વાગ્યે શોભાયાત્રા, બપોરે ૧૨.૧૫ સ્થાપના અને બપોરે ૨ વાગ્યે રંજનબેનનો આનંદનો ગરબો યોજાશે.

## સપ્ટેમ્બરના પ્રથમ દિવસે જ પુસ્તક પરબ યોજાઈ

ગાંધીનગર, તા.૧

આજે સપ્ટેમ્બર માસના પ્રથમ રવિવારે શહેરના હાર્દસમા ઘ-૪ સર્કલ ખાતે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન આત્મન ફાઉન્ડેશન દ્વારા માતૃભાષા અભિયાન પ્રેરિત પુસ્તક પરબ યોજાઈ હતી.



પુસ્તક પરબમાં વાચકોએ ૨૭૫ પુસ્તકો અને ૧૦૦ મેગેઝીન મળીને ૩૭૫ પુસ્તકો પ્રાપ્ત કર્યા હતા. જયારે પુસ્તક પરબ પ્રવૃત્તિને આજે વધુ ૪૦૦ પુસ્તકો તથા ૨૪૮ સામયિકો મળીને ૬૪૮ની ભેટ મળવા પામી હતી.

છેલ્લા સપ્તાહમાં વરસાદની આવન જાવન રહી હોવાને કારણે આજે સપ્ટેમ્બર માસની પુસ્તક પરબ વરસાદની ભીતિ વચ્ચે યોજાઈ હતી પરંતુ એકંદરે સવારથી જ વાતાવરણ સાનુકૂળ રહેતા પુસ્તક પરબ નિર્વિઘ્ને પાર પડી હતી. આજની પુસ્તક પરબમાં શહેરના અગ્રણી સાહિત્યકારો રમણભાઈ વાઘેલા, ભરતભાઈ કવિ, નિવૃત્ત સનદી અધિકારી એચ.બી. વરિયા, સહિત અન્ય અગ્રણીઓ જેવા કે પંકજભાઈ ગાંધી, સી.એલ. મહેતા વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા. આજની પુસ્તક પરબમાં શહેરના યુવાથી માંડીને વરિષ્ઠ વાચકોએ મુલાકાત લઈ પોતાને પસંદ પડે તે પુસ્તકો તેમજ સામયિકો પ્રાપ્ત કર્યા હતા.

# શહેરમાં કેવડાત્રીજના પૂજન-અર્ચન





ગાંધીનગર, તા.૧

ભાદરવા માસના શુકલ પક્ષ ત્રીજના દિવસે કરવામાં આવતું કેવડાત્રીજનું વ્રત જે સ્ત્રીઓ માટે મુખ્ય ગણાતું વ્રત છે. જેનાથી સ્ત્રીઓનો સૌભાગ્ય મળે છે અને વ્રત કરવાથી પતિની રક્ષા થાય છે. ખાસ બહેનો આ વ્રત કરી પતિના દિર્ઘાયુષ્યની પ્રાર્થના કરે છે. શહેરના વિવિધ મંદિરો તથા સોસાયટીમાં નગરની બહેનો દ્વારા શિવ પાર્વતીની પૂજા-અર્ચના કરવામાં આવી હતી. સે-૨૫માં આવેલ સહકાર કોલોની, સે-૫ શિવશકિત મંદિર, સે-૭ શિવ શકિત મંદિર, ન્યૂ વાવોલમાં આવેલ અક્ષર હોમ્સ સોસાયટી તથા વિવિધ જગ્યાએ શહેરની બહેનો દ્વારા કેવડાત્રીજની પૂજા કરવામાં આવી હતી.

પતિના દિર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરતી બહેનો દ્વારા આજે કેવડાત્રીજનું વ્રત કરવામાં આવ્યું હતું. શંકર અને પાર્વતીની શાસ્ત્રોકત વિધિ મુજબ વિશેષ રૂપે શહેરમાં વ્રત નિમિત્તો પૂજા થઈ હતી. બહેનોએ પૂજા કર્યા સુધી પાણી પીધા વગર રહી હતી તથા પૂજા બાદ કેવડાનો સૂંઘીનો જ ફળાહાર કરાતો હોવાથી કેવડાને પોતાની પાસે રાખીને પૂરો દિવસ પસાર કર્યો હતો.

શહેરના સે-૨૫માં આવેલ સહકાર કોલોનીમાં ચાલીસથી પચાસ જેટલી બહેનોએ ભેગા મળી માટીના શિવલીંગ બનવી પૂજા અર્ચના કરી હતી. આ ઉપરાંત સે-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં બહેનોએ વ્રત ઉજવણું કર્યુ હતું. જેમાં અનાજ, ઘઉં, મગ, તુવેર, અડદ દાળનો ઉપયોગ કરી ભગવાનની મૂર્તિ બનાવી હતી. આ ઉપરાંત સે-૫ અને સે-૭ શિવ શકિત મંદિર સાથે વિવિધ મંદિરો તથા શહેરની વિવિધ સોસાયટીઓમાં પણ કેવડાત્રીજની ભાવપૂર્વક પૂજા કરવામાં આવી હતી.






વડાપ્રધાને શરૂ કરાવેલ 'ફિટ ઈન્ડિયા' મુવમેન્ટના ભાગરૂપે રવિવારે સવારે એરફોર્સના ગાંધીનગર ખાતેના 'સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ'-સ્વાક ખાતે આજે 'ફિટનેસ ફોર ગુડ હેલ્થ-અ વે ઓફ લાઈન ઈન સ્વાક' કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. જેમાં વિવિધ પ્રકારની ૧૯ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે એર માર્શલ એચ.એસ. અરોરાએ સાયકિલંગ એકપેડિશના કમાન્ડર્સને સન્માન્યા હતા. તેમણે તેમના પત્નિ બલજીત અરોરા સાથે એરફોર્સ વાઈવ્ઝ વેલ્ફેર એસોસિએશન દ્વારા આ પ્રસંગે આયોજિત 'મેલા'ની મુલાકાત પણ લીધી હતી.


## જૈન વિચારધારા કરૂણામૂલક છે

ગાંધીનગર, તા. ૧

નિરર્થક એક પાંદડુ પણ તોડતા પહેલા વિચારજો, વનસ્પતિ સચેતન છે, બહુમૂલા આ સંદેશાનું ઊંડાણ સમજવા જેવુ છે. વૃક્ષોના નિકંદન સામે આજે સાર્વત્રિક જનાક્રોશ છે. છતાં આ બધુ એટલા માટે આપણે સુખેથી જીવી શકાય. જૈન વિચારધારા કરૂણાલક છે. વૃક્ષમાં પણ ચૈતન્ય છે તે સુખેથી જીવી શકે માટે. આમ આજના પર્યાવરણવાદ કરતા અહિંસાવાદનું ઊંડાણ ઘણુ વધારે છે. સબ્જેકટ સમાન હોવા છતા ઓબ્જેકટ ઘણો ઊંચો છે.

વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બસુએ વનસ્પતિને સચેતન જાહેર કર્યા પછી પણ આજના સચેતન માટે એ માત્ર

**જૈનાચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિ મ.સા.**



**પર્યુષણ પર્વ**

માહિતીજ્ઞાન પુરતુ સિમિત રહી ગયુ લાગે છે. જીવતત્વનું જ્ઞાન જતનની કાળજી અને રક્ષણની જવાબદારી પ્રગટાવે તો તે જ્ઞાન પરિવર્તક બને છે.

આંખ મીંચીને ડ્રોઅરમાં હાથ નાંખતા જો ખ્યાલ આવે કે અંદર વીંછી છે તો તરત ઝટકાથી હાથ પાછો ખેંચી લેવાય છે. પોતાનામાં રહેલો જીવતત્વનો પ્રેમ આ કરાવે છે. વૃક્ષના જીવંત્વ પ્રત્યે આનો આદર પ્રગટશે ત્યારે નજીક પહોંચેલ કુહાડી પાછી ખેંચાશે, જેસીબી અટકી જશે. વૃક્ષથી માંડીને દરેક જીવમાં ધબકતા ચૈતન્યનો આદર કરવાનું જૈન સૂચન હવે વિશ્વને ટકી રહેવા માટેની યુનોની ઘંટડી બની સર્વત્ર વાગી રહી છે. જૈનશાસનની સ્થાપનાએ વાસ્તવમાં વિશ્વકલ્યાણ માટેની એક વિરાટ પ્લેટફોર્મનુ લોકર્પણવિધિ કહી શકાય.

## આજે સંવત્સરી : સામુહિક પ્રતિક્રમણ બાદ 'મિચ્છામી દુક્કડમ્' કહેવાનો દિવસ

ગાંધીનગર, તા.૧

સોમવારે શહેરમાં સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન મહાવીરે ચિંધેલું ક્ષમાપના પર્વ શહેરના જૈન તથા જૈનેતર શ્રધ્ધાળુઓ દ્વારા ભાવપૂર્વક ઉજવાશે જેમાં સવારે બારસા સુત્રનું વાંચન તથા બપોરે સામુહિક પ્રતિક્રમણ યોજાશે. મંગળવારે અનો બુધવારે મહાપર્વ પર્યુષણના સમાનપ સાથે ઉપવાસના તપસ્વીઓના પારણાં યોજાશે.

જૈન સંપ્રદાયના ૨૪મા તિર્થંકર ભગવાન મહાવીરે અહિંસા અને કરૂણાનો સંદેશ પાઠવ્યો છે. આ સાથે તેમણે 'આક્રમકતા યુકત' જીવનશૈલીને ત્યાગી 'સ્વ'ને ઓળખવાના ભાવ સાથે પોતાના અંતરમનમાં ઝાંખી પોતાના પાપોનો સ્વીકાર કરી પ્રાયશ્ચિભર્યા મન સાથે જો કોઈનું પણ મન કે દિલ દુભવ્યું હોય તેની ક્ષમાયાચના માંગવા સહિતની 'પ્રતિક્રમણ'ની પ્રક્રિયા સૂચવી છે. સોમવારે શહેરમાં પર્યુષણ પર્વના આખરી દિવસે મોટી સંખ્યામાં જૈન શ્રધ્ધાળુઓ સેકટર-૨૨ના જૈન મંદિર ખાતે સામુહિક પ્રતિક્રમણ કરશે. સંવત્સરીની સવારે ૮.૪૫ કલાકે બારસાસુત્રનું પૂજન કરી તેનું વાંચન કરાશે જે આઠ દિવસના પર્યુષણ પર્વનું મુખ્ય ધાર સુત્ર ગણાય છે. બારસા સુત્રમાં ૧૨૦૦ કથાઓનો સમાવેશ થાય છે. આ વાંચન બપોરના ૧૨ વાગ્યા સુધી ચાલશે ત્યારબાદ બપોરે ૩.૩૦ કલાકે જૈનો સુતરાઉ વસ્ત્રો ખેસ ધોતીમાં સજ્જ થઈને પહેલા ક્ષમાચના કરશે ત્યારબાદ સામુહિક પ્રતિક્રમણ કરશે પ્રતિક્રમણ બાદ એકબીજાને 'મિચ્છામી દુક્કડમ' પાઠવશે.

સંવત્સરીના બીજા દિવસે એટલે મંગળવારે શહેરના ઉપવાસી તપસ્વીઓ જેમણે અઠ્ઠઈ કરી છે તેમના પારણાં યોજાશે જયારે સિધ્ધિ તપ કે અન્ય તપના તપસ્વીઓના પારણાં બુધવારે યોજાશે.

# અબોલ પ્રાણીઓની ઘરના સભ્ય જેવી સેવા કરતો અનોખો પરિવાર

**ઘરમાં આશ્રિત બિલાડીઓ માટે ચારધામની યાત્રા કે પ્રવાસ મોકુફ રાખતા આ પરિવારની પ્રાણીઓ પ્રત્યેની અનુકંપા અજોડ છે : આશ્રિત બચ્ચાંની બર્થ ડે ઉજવવા ઉપરાંત મૃત્યુ પામતા પ્રાણીઓ પાછળ બેસણું પણ યોજે છે : દરરોજ અઢળક ખોરાક કૂતરા-વાંદરા-ગાય વગેરેને ખવડાવવાનો તેમનો નિત્યક્રમ છે**

ગાંધીનગર, તા.૧

ભારતીય સંસ્કૃતિમાં ચાતુર્માસ એટલે કે અષાઢ-શ્રાવણ, ભાદરવો અને આસો એ ભકિત, ત્યાગ, તર્પણ અને દયા-કરૂણા સાથે ઉત્સવની ઉજવણીના માસ ગણાય છે. પવિત્ર શ્રાવણ માસના સમાપન પછી ભાદરવામાં મૂંગા પશુ-પ્રાણીઓને ખવડાવી પોષણ પુરું પાડવામાં આવે છે. જો કે શહેરમાં એક પરિવાર એવું પણ વસે છે જેમના માટે તો મૂંગા પ્રાણીઓ માટે કરૂણા દાખવી તેમની સેવા કરવી તે બારેય માસનું કાર્ય છે. વળી, આ અનુકંપા તો એટલી છે કે તેમણે આશરો આપેલા પ્રાણીઓની તબિયત પણ બગડે તો તેમની સેવામાં પરિવાર ખાવાનું ભૂલી જાણે ઉપવાસ પર ઉતરી જાય છે. આ પરિવારના મોભી દરરોજ સવારે સાંજે પોતાની રોજીંદી જીવનચર્યામાં પાંચથી ૬ કલાક તો શહેરના કૂતરાં-બિલાડાં-ગાય-ભેંસ-વાંદરા અને પક્ષીઓને ખવડાવવામાં વિતાવે છે.

જૂનાગઢ જિલ્લાના કેશોદથી સચિવાલય ખાતે નોકરી મળતા ગાંધીનગર રહેવા આવેલા નરેન્દ્રભાઈ વ્યાસના પરિવારમાં પશુ પંખીઓ માટેની અનુકંપા જાણે પહેલેથી વણાયેલી હતી. સેકટર-૨૩માં છ ટાઈપ આવાસમાં વસતા નરેન્દ્રભાઈ કાબર સહિત પક્ષીઓને દરરોજ ગાંઠિયા નીરવાની સેવા કરતા હતા. એકવાર તેમના આવાસમાં એક કાળી બિલાડી તેના બે નવજાત બચ્ચાંને લઈને કયાંકથી આવી ચઢી જે બચ્ચાંઓની આંખો પણ ખુલી નહોતી. ચારેક દિવસ પછી આ બિલાડી અચાનક ગુમ થઈ ગઈ તેથી બંને બચ્ચાંની ઉછેરની જવાબદારી પરિવારે ઉપાડી લીધી જેમાં તેમને નિયમિત



**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**

ખોળામાં બેસાડી બોટલથી દૂધ પીવડાવવું તથા તેમના ઝાડો-પેશાબ સાફ કરવા સુધીના કાર્યોનો સમાવેશ થાય છે. બંને બચ્ચાં મોટા થયા પછી જે બિલાડો હતો તે ઘરની બહાર રોડ અકસ્માતમાં મૃત્યુ પામતા તેના આઘાતમાં નરેન્દ્રભાઈના પરિવારે પોતાનો સિમલા ફરવા જવાનો કાર્યક્રમ મોકુફ રાખી દીધો અને બિલાડાનું બેસણું પણ યોજયું હતું. વળી, એટલું જ નહી ઘરના પરિવારના કોઈ સભ્યનું અવસાન થયું હોય તેમ તેની પાછળ મહામૃત્યુંજયના જાપ સહિતની ધાર્મિક વિધિઓ પણ કરી હતી. બિલાડો મરી ગયા બાદ બિલાડીએ થોડા સમયમાં પાંચ બચ્ચાંને જન્મ આપ્યો જેની માવજતમાં નરેન્દ્રભાઈના પત્નિ મધુબેન અને પુત્ર સુમિત પણ સતત વ્યસ્ત રહેવા લાગ્યા હતા. આ પાંચેય બચ્ચાં એક વર્ષના થતા પરિવારે તેમની બર્થ ડે




પાર્ટીનું આયોજન કર્યુ અને તમામ મિત્રો સંબંધીઓને બોલાવી પાંચ બચ્ચાંઓના ફોટોવાળી કેક કાપી ઉજવણી પણ કરી હતી. એકવાર પરિવારે ચારધામની જાત્રા કરવાનું આયોજન કર્યુ હતું તેથી આ પાંચેય બચ્ચાં જેમની મા પણ હવે ગુજરી ગઈ હતી તેમને છેક કચ્છના ગાંધીધામ ખાતેના એક 'કેર ગાર્ડન'માં મુકવા ગાડી લઈને ગયા હતા. આ બચ્ચાં ત્યાં સેટ થાય છે કે નહી તે જોવા મધુબેન અને સુમિત બે દિવસ રોકાયા પણ હતા પરંતુ એક બચ્ચાંને બહુ તાવ આવી જતા છેવટે બધા બચ્ચાં લઈને પરત ફર્યા હતા. છેવટે ચારધામની જાત્રાનો પ્રોગ્રામ જ કેન્સલ કરી દીધો અને બચ્ચાંની સારસંભાળમાં લાગી ગયા હતા. આ બચ્ચાંઓ નિયમિત અમદાવાદની જીવદયા સંસ્થામાં આરોગ્ય વિષયક તપાસ કે સારવાર માટે પણ તેઓ લઈ જતા હતા અને જરૂર પડે ગમે તેટલાં મોંઘા મેડીકલ રિપોર્ટસ કરાવતા પણ તેઓ અચકાતા નહોતા.

સરકારી આવાસ છોડીને ખાનગી ફલેટમાં ભાડે રહેવા આવ્યા બાદ પણ નરેન્દ્રભાઈનો દરરોજ સવારે પક્ષીને અને પ્રાણીઓને ખવડાવવા જવાનો નિયમ ચાલુ રહ્યો હતો. નવા ઘરમાં એકવાર એક ગર્ભવતી કૂતરી આવી ચઢી હતી જેની સુવાવડ પણ મધુબેન અને સુમિતે મળીને કરાવી હતી. આ કૂતરીના ચાર પૈકી બે બચ્ચાં મરેલા જન્મ્યા હતા. જેની વિધિપૂર્વક અંતિમ ક્રયા કરી અને બાકીના બે બચ્ચાંને ઉછેરવાનું શરુ કરી દીધું હતું. થોડા સમયમાં વધુ એક બચ્ચું અકસ્માતે મરી ગયું પછી વધેલા બચ્ચાને અને તેની માતાને હજુ સુધી ઘરમાં જ આશરો આપી ઉછેરી રહ્યા છે. એકવાર એક શિંગડુ તુટેલી લોહી નીંગળથી હાલતમાં ઘરની આસપાસ ફરતી ગાયની નરેન્દ્રભાઈએ સારવાર કરાવી પછી તેને નિયમિત ઘાસ નિરવાનું શરૂ કર્યુ હતું. પછી તે પણ એક નિત્યક્રમ બનાવી દીધો છે. નરેન્દ્રભાઈ ગાય-કૂતરાં-વાંદરા વગેરે માટે દરરોજ જુના સચિવાલયની કેન્ટિનમાંથી વધેલા ભાખરી પુરી કે રોટલી દાનમાં મેળવે છે અને સેકટરે સેકટરે ફરીને ખવડાવે છે. તેમની ગાડી જોતા જ દૂરથી આ પ્રાણીઓ ઓળખી જાય છે અને દોડતા આવી જાય છે. એટલું જ નહિ વિવેકપૂર્વક ખોરાક મેળવીને ખાય છે. એકવાર તેમના ઘરમાં આશ્રય પામેલી કૂતરી જેને તેઓ 'ચકી' કહે છે તેને સારવાર અર્થે અમદાવાદ જીવદયામાં મુકી આવ્યા હતા ત્યાંથી તે ગુમ થઈ જતા ત્રણ ચાર વખત તો તેને શોધવા ધક્કા ખાધા હતા.

આજે નરેન્દ્રભાઈ દરરોજના પાંચ સાત કિલો ગાંઠિયા પક્ષીઓને ખવડાવે છે, કૂતરાંને બિસ્કિટના તથા ગાય માટેના ઘાસના પૂળાથી તેમની કાર ભરેલી હોય છે અને કયાંક કામે જતા હોય તો પણ રસ્તામાં અબોલ જીવોને જુએ તો કાર થોભાવી પહેલા તેને ખવડાવે પછી જ આગળ વધે છે. પોતાના ઘરના એસીના આઉટડોર યુનિટમાં કાબરે માળો કર્યો હોવાથી આ વર્ષની કાળઝાળ ગરમીના ઉનાળામાં પણ એસી બંધ રાખનાર નરેન્દ્રભાઈ વ્યાસ તેમના બ્રહ્મસમાજમાં પણ ખૂબ સેવાઓ પુરી પાડી અભિન્ન અંગ બની ગયા છે. તેમની સેવા જે એકવાર નજરે નિહાળે છે તે બોલી ઉઠે છે કે ખરેખર ધન્ય છે આ પરિવારને...!!

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **સાહો**
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૪૫, ૧૨.૫૦, ૧.૫૦, ૩.૨૦, ૫.૨૫, ૬.૫૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૩૦

● **મિશન મંગલ**
૧૦.૪૫, ૧.૦૦, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫

● **બાટલા હાઉસ**
૧.૩૫, ૧૦.૧૫ રાત્રે

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૩ડી હિન્દી-૯.૩૫ સવારે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **સાહો**
૯.૧૫, ૧૨.૫૦, ૪.૨૫, ૮.૦૦, ૧૦.૧૫, ૧.૫૦, ૫.૨૫, ૯.૦૦, ૧૧.૧૫, ૨.૫૦, ૬.૨૫, ૧૦.૦૦

● **મિશન મંગલ**
૯.૩૦

● **બાટલા હાઉસ**
૧૦.૧૫, ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **સાહો**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૪૦

● **મિશન મંગલ**
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧.૩૦, ૭.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● **સાહો**
૧૦.૩૦, ૧૧.૪૫, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૧૫, ૩.૪૫, ૫.૩૦, ૬.૪૫, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૧૫

● **મિશન મંગલ**
૨.૦૦, ૧૦.૦૦

● **બાટલા હાઉસ**
૪.૩૦

● **ચાલ જીવી લઈએ**
૧૧.૩૦ સવારે

● **ચાસની (ગુજરાતી)**
૭.૧૫ સાંજે

## નિવૃત્ત અધિકારી પંકજ ઠાકરની બાળ આયોગના સચિવપદે નિયુકિત

ગાંધીનગરના નિવૃત્ત આઈએએસ અધિકારી પંકજ બી. ઠાકરની સામાન્ય વહીવટી વિભાગ દ્વારા બાળ અધિકાર સંરક્ષણ આયોગના સેક્રેટરી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. પંકજ ઠાકરે નવા હોદ્દા પર તેમનો ચાર્જ તા. ૩૦મી ઓગસ્ટના રોજ સંભાળી લીધો છે. પંકજ ઠાકરને નેહરૂ યુવા કેન્દ્ર વતી ગાંધીનગર જિલ્લાના યુથ કો ઓર્ડિનેટર રજનીકાંત સુથાર તથા સંલગ્ન સંસ્થાઓ દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## ગાયત્રી મંદિર ખાતે નિઃશુલ્ક યોગ શિબિર યોજાશે

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શકિતપીઠ દ્વારા નિઃશુલ્ક યોગ તાલીમ શિબિર ભાઈઓ અને બહેનો માટે તા. ૨ સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર સવારે ૭થી ૮.૧૫ દરમિયાન તથા ફકત બહેનો માટે સાંજે ૫ થી ૬.૧૫ દરમિયાન ગાયત્રી શકિતપીઠ સે-૧ ખાતે યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા તખુજી નાથુજી, ઉ.વ. ૮૯
- સ્વ. ઠાકોર લીલાબેન જોઈતાજી, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર સુબાજી કમાજી, ઉ.વ. ૬૫
- સ્વ. રાવલ નિતિનકુમાર કાન્તિલાલ, ઉ.વ. ૫૬
- સ્વ. સોલંકી ખુમાજી તખાજી, ઉ.વ. ૫૯
- સ્વ. પટેલ ભારતીબેન ભરતકુમાર, ઉ.વ. ૬૭
- સ્વ. સોલંકી બકાજી તખાજી, ઉ.વ. ૬૩
- સ્વ. સોલંકી લક્ષ્મણજી હેમતાજી, ઉ.વ. ૬૮
- સ્વ. ભાવસાર પ્રદિપકુમાર છનાલાલ, ઉ.વ. ૫૬
- સ્વ. જાની જશોદાબેન ગુણવંતલાલ, ઉ.વ. ૮૦